# Nirma University
# Library Resource Centre

Publication: **Sandesh City Life** Edition: **Ahmedabad**
Date & Day: **01/04/2022 (Fri)** Page No: **01**

# ડેઇલી પ્રોબ્લેમના સ્ટુડન્ટ્સે ટેક્નોલોજી સોલ્યૂશન આપ્યાં

## નિરમા યુનિવર્સિટી ખાતે ઇન્ટર સ્માર્ટ ઇન્ડિયા હેકાથોનનું આયોજન કરવામાં આવ્યું




**સિટી લાઇફ :** નિરમા યુનિવર્સિટીના આંત્રપ્રિન્યોરશિપ સેલ દ્વારા સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન (SIH) ૨૦૨૨ના આંતરિક રાઉન્ડનું આયોજન કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. સામાન્ય માણસને ડેઈલી લાઈફમાં ફેસ કરવા પડતા પ્રોબ્લેમ અને લઘુ-સૂક્ષ્મ ઉદ્યોગોની સમસ્યાઓના સમાધાન લાવવા માટે સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનનું બે કેટેગરીમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાર્ડવેર અને સોફ્ટવેર એમ બે કેટેગરીમાં આયોજન કરવામાં આવ્યું હતું. હાર્ડવેર કેટેગરીમાં સ્પર્ધકોએ એક પ્રોટોટાઈપ બનાવવાનો હતો જે તેમની પૂર્વધારણાને ઉકેલશે અને સાબિત કરશે. સોફ્ટવેર કેટેગરીમાં સ્પર્ધકોએ સમસ્યાને ઉકેલવા અને તેમની પૂર્વધારણાને સાબિત કરવા માટે વેબ અથવા મોબાઈલ એપ્લિકેશન બનાવવાની હતી. સોફ્ટવેર કેટેગરીમાં ૧૫ ટીમોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તમામ ટીમોએ લેપટોપ/પીસી ઓપરેટ કરવા માટે જેસ્ચર સક્ષમ કમાન્ડ માટે સોલ્યૂશન વિકસાવવા માટે FAQ ના જવાબ આપવા માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓથી લઈને AI આધારિત ચેટબોટ સુધીના વિવિધ ડોમેન્સમાં તેમના વિચારો રજૂ કર્યા.